# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૧/ક્વા-૨/૧૯-૨૦/૬૨૭૯–૩** **તા.૧૭–૦૯–૧૯**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૨૧/ક્વા-૨/૧૯-૨૦

| | | |
|---|---|---|
| અરજદાર: | **ગેડિયા લાલજી વાલજીભાઈ** | ગામ: **ટંકારા** |
| રજૂઆત કરનાર: | **અરજદાર હાજર રહેલ નથી.** | |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **મોરબી** |
| રજૂઆત કરનાર: | પીજીવીસીએલ પક્ષકાર હાજર રહેલ નથી. |

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ: | ૧૧-૦૯-૨૦૧૯ (બુધવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૩-૦૮-૨૦૧૯ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. **જેમાં અરજદાર વતી તેના પ્રતિનિધિ તરીકે હિતેશભાઈ લાલજીભાઈ ગેડિયા હાજર રહેલ હતા. તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી નાયબ ઇજનેર આર.જી. સોજીત્રા - ટંકારા પેટા વિભાગીય કચેરી હાજર રહેલ હતા. ત્યારબાદ ફોરમ કમિટી ની સૂચના મુજબ સ્થળ તપાસ કરીને જરૂરી કાર્યવાહી કરવા જણાવેલ.** ત્યારબાદ સદર કેસની સુનાવણી તા. ૧૧-૦૯-૨૦૧૯ (બુધવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ફરીયાદ નું સમાધાન થતા બંને પક્ષકારો ગેરહાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર ગેડિયા લાલજી વાલજીભાઈ ગામ -ટંકારા, તેઓની અરજીના નોંધણી નં: ૨૧/ક્વા-૨/૧૯- ૨૦, માં જણાવે છે કે**, સામેવાળા દવારા તેઓના મકાનની બાજુમા થાંભલો નાખેલ છે, જે મેઈન દરવાજા પાસે હોય – નડતરરૂપ બને છે, તેમજ અકસ્માત થવાનો ભય હોય, સદર બાબતે સબંધક કચેરીમાં રજુઆત કરેલ, પરંતુ કોઈ કાર્યવાહી ન થતા – **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી પત્ર નં.–૭૩૫૬ તા.૦૯–૦૯–૧૯ મુજબ – ફરીયાદી અરજદાર શ્રી – ગેડીયા લાલજી વાલજી ની રજુઆત મુજબ– જરૂરી સ્થળ તપાસ કરીને – નડતરરૂપ વીજપોલ ને દુર કરવાની કાર્યવાહી તા.૨૫–૦૭–૧૯ ના રોજ કરતા – અરજદાર ના ઘરની આજુબાજુ આવેલ રહીશો દ્વારા વાંધો લેવાયેલ હતો. જે અન્વયે ફરીયાદી અરજદાર દ્વારા – તા.૨૮–૦૮–૧૯ ના રોજ આજુબાજુ ના મકાન માલીકો ની જગ્યાએ વીજપોલ – ઉભો કરવાની લેખીત સંમતી રજુ કરેલ – જે અન્વયે તા.૦૪–૦૯–૧૯ ના રોજ – સદર વીજપોલ ને દુર કરી – ૦૨ વીજપોલ ઉભા કરીને – સર્વિસ કનેકશન ચાલુ કરી નાખેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ હોય, પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદાર ની સહીવાળુ સમાધાન પત્ર તા.૦૪–૦૯–૧૯ થી રજુ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ **પેરા નં ૨.૦ અને** પેરા નં 3.0 માં જણાવ્યા મુજબ- અરજદારની લેખિત રજૂઆત નું સમાધાનપત્ર(પુરશીશ) તા. 04.09.19 થી રજુ કરાયેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે.

૪.૨ આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

| | |
|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |